ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૧ ટકા ● સાંજે ૮૪ ટકા

# 'ખોટકાતી સવારી... એસ.ટી. અમારી'

## ગાંધીનગર-સરખેજ રૂટ પર સતત બે દિવસ બસો ખોટકાઈ : છેલ્લા એક માસમાં અમદાવાદના રૂટો પર આશરે સાતથી વધુ બસો ખોટકાવાની ઘટના : મુસાફરો ત્રાહિમામ : નોકરિયાતો અને વિદ્યાર્થીઓ સૌથી વધુ ત્રસ્ત

ગાંધીનગર, તા.૯

થોડા દિવસ પહેલા સોશ્યલ મિડિયા પર પાછળના બંને ટાયર ધરી સાથે જુદા પડી ગયા હોય તેવી એસ.ટી. બસની એક તસવીર સાથે 'આઘા રેજો... વિકાસ ગાંડો થયો છે' લખેલું કોઈએ વહેતું કર્યુ હતું. આ તસવીરે એટલી અસર ઉભી કરી કે થોડા સમયમાં જ સોશ્યલ મિડિયા પર 'વિકાસ-યુધ્ધ' છેડાઈ ગયું છે. જો કે આ તસવીર હકીકત હોય તેવી પ્રતિતિ ગાંધીનગર એસ.ટી.ડેપોની બસોમાં રોજ અપડાઉન કરતા મુસાફરોને કરાવી રહી છે. છેલ્લા બે દિવસથી સતત સરખેજ રૂટની એસ.ટી. બસો ખોટકાઈ રહી છે અને છેલ્લા એક માસમાં આશરે વિવિધ રૂટની સાતથી વધુ બસો રસ્તામાં વિવિધ કારણોસર ખોટકાઈ ચુકી છે.

ગાંધીનગરથી અમદાવાદના વિવિધ રૂટ પર એસ.ટી. નિગમ દ્વારા શહેરી બસ સેવા ચલાવાય છે જો કે આ સેવા ચાલે ઓછી અને અટકે વધારે તેવી સ્થિતિ વધુ સર્જાઈ રહી છે. છાશવારે એસ.ટી. બસો રસ્તામાં ખોટકાવાને કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે અને બેવડાં ભાડા ચુકવવાનો વારો આવે છે. છેલ્લા બે દિવસથી ગાંધીનગર સરખેજ રૂટ પર એસ.ટી. બસ ખોટકાવાની ઘટના સામે આવી છે. વારંવાર એસ.ટી. બસો ખોટકાવાને પગલે સૌથી વધુ નુકસાન રોજે રોજ અપડાઉન કરતા સરકારી કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, નોકરીયાતો તથા અન્ય મુસાફરોને થઈ રહ્યું છે. નિયત સમયે ઓફિસે કે કોલેજમાં ના પહોંચી શકવાને કારણે તેમને ઠપકો ખાવાનો વારો આવે છે અને સાથે ખાનગી વાહનોના બમણા ભાડા ચુકવી સમયસર પહોંચવાની લ્હાયમાં આર્થિક નુકસાન પણ ભોગવવું પડી રહ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર ગાંધીનગર-અમદાવાદના શહેરી બસ સેવાના વિવિધ રૂટ પર છેલ્લા એક માસમાં આશરે સાતથી વધુ બસો એક યા બીજા કારણસર ખોટકાવાની ઘટના બની ચુકી છે. આ સંજોગોમાં એસ.ટી. વિભાગનું સુત્ર 'સલામત સવારી... એસ.ટી. અમારી' મુસાફરો માટે તદન ખોટું સાબિત થઈ રહ્યું છે. એસ.ટી. ડેપો દ્વારા સતત ખોટકાતી બસોની સમસ્યાનું સત્વરે નિરાકરણ લવાશે નહીં તો રોજના અપડાઉન કરતા મુસાફરોને આંદોલનનો માર્ગ લેવો પડશે તેવી મુસાફરોમાં ચર્ચા થતી જોવા મળી રહી છે.



શનિવાર



શુક્રવાર

**વાતવાતમાં**

● સાહિત્ય સભા દ્વારા કાવ્ય ગોષ્ઠી અને પુસ્તક લોકાર્પણ સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન ચૌધરી મહિલા આર્ટસ કોલેજ સે-૭ ખાતે યોજાશે.

● વૉર્ડ નં.૩ ના કાઉન્સીલર રીટાબેન કેતનભાઈ પટેલના સસરા, કાકીને માર્ગ અકસ્માત થતાં સારવાર માટે ગાંધીનગરની હાઈટેક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

● સ્થાનકવાસી જૈન સંઘ ગાંધીનગર દ્વારા આગમ એકસ્પો કાર્યક્રમ સવારે ૯ થી ૭ કલાક સુધી સે-૨૨ જૈન ઉપાશ્રય ખાતે પોસ્ટર અને મોડેલ્સ દ્વારા રજુ કરવામાં આવશે.



ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ અને રમૈયા મેડીકલ કોલેજ બેંગ્લોરના સંયુકત ઉપક્રમે ગાંધીનગર મેડીકલ કોલેજ ખાતે બાયો મેડીકલ વેસ્ટ મેનેજમેન્ટ અંગે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં બાયો મેડીકલ વેસ્ટના નવા નિયમોની જાણકારી આપવામાં આવી હતી. આ ટ્રેનીંગમાં હોસ્પિટલના દરેક વિભાગમાંથી ડોકટર્સ તેમજ અન્ય સ્ટાફ સહિત ૬૦ અધિકારી/કર્મચારીઓ હાજર રહ્યા હતા. આ ટ્રેનીંગ આપવા માટે બેંગ્લોરથી ખાસ ટ્રેનર આવ્યા હતા. જયારે ટ્રેનીંગમાં હોસ્પિટલના તબિબિ અધિક્ષક ડૉ. બિપિન નાયક, ડે. આર.એમ.ઓ. ડૉ. કલ્પેશ જશપરા, ડૉ. કલ્પેશ પરીખ તેમજ માઈક્રોબાયોલોજીના હેડ ઉપસ્થિત રહ્યા હતા.

## ૬૪ લેબ ટેકનીશીયનો સોમવારે પડતર પ્રશ્નો અંગે હડતાલ પર

### દર્દીઓને તકલીફ ના પડે તે માટે તંત્ર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવાઈ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક વર્ષોથી આઉટસોર્સિંગ એજન્સીમાં કામ કરતા લેબ ટેકનીશીયન અને લેબ એટેન્ડન્ટ સહિતના કર્મચારીઓ પોતાના પડતર પ્રશ્નો અંગે યોગ્ય નિરાકરણ ના આવતા એક દિવસીય માસ સીએલ પર ઉતરવાના છે. અચાનક ૬૪ લેબ ટેકનીશીયનોએ હડતાલનું શસ્ત્ર ઉગામતા હોસ્પિટલના તંત્રમાં પણ ચિંતાનું મોજુ ફરી વળયું છે. ત્યારે હોસ્પિટલ તંત્ર દ્વારા સારવાર માટે આવતા હજ્જારો દર્દીઓને સહેજ પણ તકલીફનો સામનો ના કરવો પડે તે માટે વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રાજદીપ એન્ટરપ્રાઈઝ નામની ખાનગી એજન્સીના કર્મચારીઓ કામ કરી રહ્યા છે. રાજદીપ એજન્સીનો કોન્ટ્રાકટ હોસ્પિટલમાં હોવાથી જરુરીયાત સ્ટાફની ભરતી આઉટસોર્સિંગ સ્ટાફની ભરતી કરવામાં આવે છે. ત્યારે લેબ ટેકનીશીયન અને લેબ એટેન્ડન્ટ સહિત મેડીકલ કોલેજના કલાર્ક તેમજ પટાવાળા સહિત કુલ ૬૪ કર્મચારીઓ એક દિવસીય માસ સીએલ મુકીને હડતાલ પર ઉતરવાના છે. કર્મચારીઓનો મુખ્ય મુદ્દો પગારનો છે પગાર ખાનગી એજન્સી દ્વારા ઓછો ચુકવવામાં આવે છે. પુરો પગાર આપવો તેમજ તે સહિતના અન્ય પ્રશ્નો જે વર્ષોથી પડતર છે તેનું નિરાકરણ આવે તે માટે કર્મચારીઓએ હડતાલનું શસ્ત્ર ઉગામ્યું છે. જયારે લેબ ટેકનીશીયન, એટેડન્ટ, કલાર્ક, પટાવાળા સહિતના કર્મચારીઓ રજા પર ઉતરતા હોસ્પિટલમાં દર્દીઓની હાલત કફોડી ન બને તે માટે એકસ-રે વિભાગ, સોનોગ્રાફી વિભાગ તેમજ લેબોરેટરી સહિતના વિભાગોમાં કોલેજના ટયુટર ફરજ બજાવશે. જેથી હોસ્પિટલમાં સારવાર માટે આવતા રોજના હજ્જારો દર્દીઓને પરેશાની વેઠવાનો વારો ના આવે તે માટે હોસ્પિટલ તંત્ર દ્વારા પણ ખાસ વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. ત્યારે હડતાલનું સુખદ પરિણામ આવે તેમ કર્મચારીઓ ઈચ્છી રહ્યા છે.

**@ગાંધીનગર**

● ગાંધીનગર આરટીઓ કચેરીએ શુક્રવારે આડેધડ પાર્કિંગ વચ્ચે ઉભેલી ગાડીનો ચેસીસ નંબર ઈન્સ્પેકરનો ના દેખાતા ઈન્સ્પેકશન ના કર્યુ. જેના પગલે એજન્ટ વિફર્યો અને બંને વચ્ચે તુ તુ મૈં મૈં સાથે ઉગ્ર ઝઘડો થવા પામ્યો હતો. છેવટે કચેરીના અન્ય અધિકારીઓએ વચ્ચે પડી સમગ્ર મામલો થાળે તો પડાવ્યો પરંતુ અદ્યતન બનાવાયેલી આરટીઓ કચેરીમાં જ પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા નથી તે સમસ્યા કોણ ઉકેલશે તે પ્રશ્ન ત્યાં નો ત્યાં જ રહી જવા પામ્યો છે.

● ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં એકસ રે મશીન વારંવાર ખોટકાવાનો સિલસિલો હજુ ચાલુ જ છે. આ પરિસ્થિતિમાં સરવાળે દર્દીઓને જ ભોગવવાનું આવી રહ્યું છે એટલે સિવિલ સંચાલન તંત્રના પેટનું પાણી થોડું હલશે?

## ફેકલ્ટી ઓફ એજયુકેશનમાં કીડની બચાવો વિશે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૯

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશનની એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન અને આર.એચ. પટેલ ઈંગ્લીશ મીડીયમ બી.એડ. કોલેજ તેમજ વકીલ શ્રી ડી.એચ. પટેલ ડીપાર્ટમેન્ટ ઓફ એજયુકેશન સે-૨૩, ગાંધીનગરની કોલેજોમાં શિક્ષકદિનના રોજ કીડની બચાવો વિશે કાર્યક્રમ યોજાયો હતો.

સદર કાર્યક્રમમાં ઈન્ડીયન રીનલ ફાઉન્ડેશન અમદાવાદથી આવેલા જયેશભાઈ પટેલે કીડનીનું મહત્વ, કીડની દ્વારા લોહી અને પાણીનું શુદ્ધિકરણ કેવી રીતે થાય છે? બ્લડ પ્રેશર નિયંત્રણ, કીડની ફેલ થવાના કારણો, કિડનીની જાળવણી માટે શું કરવું જોઈએ તેમજ નેફ્રોન વિશેની સમજ અને તેના કાર્યો વિશે સમજ આપી માહિતગાર કર્યા હતા. કાર્યક્રમના અંતે પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ સંસ્થા વતી ઉપસ્થિત સર્વેનો આભાર વ્યકત કર્યો હતો.



ખેલ મહાકુંભ ગાંધીનગરમાં ગ્રામીણ સ્વીમીંગ હરિફાઈનું આજ રોજ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮૦ જેટલા નાના-મોટા હરીફોએ ભાગ લઈ હરિફાઈને સફળ બનાવી હતી.

## આજે ગુજરાત રાજય ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરીટી ફોર્સના જવાનોના પડતર પ્રશ્નો અંગે બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૯

ગુજરાત રાજય ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરીટી ફોર્સના વર્ષોથી પડતર પ્રશ્નો અકબંધ છે. રાજય સરકાર સમક્ષ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા પણ યોગ્ય નિર્ણય ન આવતા સિક્યુરીટીના કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. જેને પગલે તા.૧૦ સપ્ટેમ્બરના રોજ સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે બપોરે ૨ કલાકે ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિના અધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને સિકયુરીટી ફોર્સના કર્મચારીઓની બેઠક યોજાશે. આ બેઠકમાં રાજયભરમાંથી સિકયુરીટીના ફોર્સના જવાનો મોટીસંખ્યામાં ઉમટી પડશે.

ગુજરાત રાજય ઈન્ડસ્ટ્રીયલ સિકયુરીટી ફોર્સ એસોસિએશનના પ્રમુખ ગૌરી શંકર શ્રીમાળીના જણાવ્યા મુજબ દરેક સિક્યુરીટી કર્મચારીઓને સરકારી ધોરણે પગાર આપવો, જવાનોને બઢતી પોલીસ ખાતામાં કોન્સ્ટેબલ તરીકે આપવી, નિમણુંકની તારીખથી સિનિયોરીટી આપવી સહિત સરકારી કર્મચારીઓને મળતા તમામ લાભો આપવામાં આવે. સિક્યુરીટી જવાનોના પ્રશ્નો વર્ષોથી પડતર છે. અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા યોગ્ય નિવેડો આવ્યો નથી. જેથી સિક્યુરીટીના જવાનો ઉગ્ર આંદોલનના મુડમાં જણાયા છે. ત્યારે ગાંધીનગર સેકટર-૧૨ ખાતે આંબેડકર હોલ ખાતે રાજયભરમાંથી હજ્જારો સંખ્યામાં સિક્યુરીટીના જવાનો હાજર રહેશે. ત્યારે ગુજરાત રાજય સંકલન સમિતિના પ્રમુખ વિષ્ણુભાઈ પટેલે જણાવ્યું છે કે ટુંક સમયમાં સિક્યુરીટીના જવાનોના પડતર પ્રશ્નોનો ઉકેલ નહી આવે તો આંદોલનાત્મક કાર્યક્રમો આપવામાં આવશે.

## એકતા ચોક ઉત્સવ સમિતિ સેકટર-૮ના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૯

એકતા ચોક ઉત્સવ સમિતિ સેકટર-૮ના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. પ્રમુખ - વિરેન્દ્ર ડી. જાદવ, ઉપપ્રમુખ - પૃથ્વી વાઘેલા અને સંજયભાઈ રાવલ, મહામંત્રી - સંદિપભાઈ પિઠડિયા, ખજાનચી -કુમારભાઈ જોષી, સહમંત્રી ફિરોજભાઈ મનસુરી તથા દશરથભાઈ દરજી, સંગઠન મંત્રી - ભગવાનદાસ પટેલ અને મુકેશભાઈ ચૌહાણ તથા કારોબારી સભ્ય તરીકે બી.બી. બારોટ, ફુલચંદભાઈ પરમાર, બી.બી. રોહિત, નાનુભાઈ મહેતા, જસપાલસિંહ ડાભી, વિનયભાઈ ગઢવી, દિનેશભાઈ જાદવ, અશ્વિનભાઈ અમીન, તાહિરભાઈ શેખ, ઈદાયતભાઈ પઠાન અને મિહીર અમીનની વરણી કરવામાં આવી છે.

**આઈ લવ માય ગાંધીનગર**



**ધર્મેન્દ્રસિંહ જાડેજા**
**સર્વ નેતૃત્ત્વ ગૃપ**

**ગાંધીનગર ગમે**
નયનરમ્ય સુંદરતા, શિક્ષણ, કલા, સંસ્કૃતિની મહેકના કારણે ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**
પોતાની પ્રતિભાથી દુનિયામાં નામ રોશન કરી શકે એવા નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
કડી સર્વ વિશ્વવિદ્યાલય, આર્ષ-અક્ષરધામ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, ગાંધીનગર સાહિત્ય સભા, જી ઈ કલબ, ગ્રો ફાઉન્ડેશન અને રેડક્રોસ જેવી સંસ્થાની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
યુવાશક્તિને નગર માટે કામે લગાડાય તો નગર બહેતર નહીં, શ્રેષ્ઠ બની શકે તેમ છે.

**નગર માટે હું કરી શકું**
વ્યક્તિત્વ વિકાસ, રોજગાર અને શિક્ષણની સર્વ પ્રકારની સહાય માટે હું તત્પર છું.

## એનઆઈસીએમ ખાતે સર્વાંગી વિકાસ વિષય પર વકતવ્ય યોજાયું



ગાંધીનગર, તા.૯

શ્રી જયરામ પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટમાં એમ.બી.એ.ના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે તજજ્ઞોને બોલાવી ખાસ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. એસ.એ. કાદરી દ્વારા યંગીસ્તાનના શાશ્વત સમયમાં નિતિમય અભિગમ ઉપર ચર્ચા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ દરેક પરિસ્થિતિમાં સમતુલા જાળવીને સતત આગળ વધવું જોઈએ અને સમાજમાં ટકી રહેવા માટે અનેક ટીપ્સ પણ આપી હતી. વિદ્યાર્થીઓએ વિવિધ પ્રશ્નો પુછી ચર્ચાને રસપ્રદ બનાવી હતી અને યોગ્ય માર્ગદર્શન મેળવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના વડા ડૉ. બી.કે. નિર્મલ હાજર રહ્યા હતા અને પ્લેસમેન્ટ ઓફિસર પ્રો. યશ ભટ્ટે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## આરાધના વિદ્યા વિહાર ખાતે શિક્ષક દિનની ઉજવણી કરાઈ

આરાધના વિદ્યાવિહાર સે-૨૮ ગાંધીનગર ખાતે પાંચમી નવેમ્બર એટલે ડૉ. સર્વ પલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસની ઉજવણી શિક્ષક દિન તરીકે મનાવીને કરવામાં આવી હતી. જેમાં ધો-૧ થી ૮ના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો દ્વારા સ્વયંશિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. કુલ ૨૦ વિદ્યાર્થીઓ એ એક દિવસ માટે શિક્ષક તરીકે ભૂમિકા નિભાવી હતી. ધો-૮ના વિદ્યાર્થી પટેલ શિવ એ આચાર્ય તરીકે સુંદર કામગીરી કરી હતી. ભાગ લેનાર શાળાના વિદ્યાર્થી શિક્ષકોને શાળા ટ્રસ્ટી રમણભાઈ દ્વારા ઈનામ જાહેર કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્ય વી.કે. પટેલ દ્વારા કરાયું હતું.

## અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજમાં ગ્રુમીંગ સેશન



ગાંધીનગર, તા.૯

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન એ.એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા એમ.કોમ. ૧ અને ૨ના વિદ્યાર્થીઓ માટે એક ગ્રુમીંગ સેશનનું આયોજન સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન કરવામાં આવ્યું હતું. કડી સર્વ વિશ્વ વિદ્યાલયના મેનેજમેન્ટ ટ્રેનર સ્વસ્તિ શર્મા દ્વારા એમ.કોમ.ના વિદ્યાર્થીઓને ડ્રેસીંગ સેન્સ, ઈન્ટરવ્યુ કેવી રીતે આપવો, આત્મવિશ્વાસ કેવી રીતે કેળવવો, દરેક પ્રોફેશનને અનુરુપ પહેરવેશ, આઈ-કોન્ટેક, મેનેજમેન્ટ ઓફ લાઈફ એન્ડ પ્રોફેશન વગેરે વિષયોની ઉંડાણપૂર્વક છણાવટ કરવામાં આવી હતી. કોલેજના આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ સેશનમાં એમ.કોમ.ના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## સે-૫-સીમાં ગેરકાયદે થયેલ દબાણ દૂર કરવા રજૂઆત

ગાંધીનગર, તા.૯

સેકટર-૫-સીમાં મસ્જીદથી થોડેક દૂર અને સરકારી દવાખાના પાસે સરકારી જમીનમાં કોઈ અજાણ્યા શખ્સે ખૂબ મોટી જગ્યામાં ઝૂંપડું બાંધી દીધેલ છે. જેને તાત્કાલિક દૂર કરવાની કાર્યવાહી કરવા વસાહતીઓ દ્વારા વિનંતી કરવામાં આવી છે જેથી તેની આજુબાજુ બીજા ઝુંપડા પણ થાય નહિ અને દબાણ ફેલાય નહિ.

## ફૂટપાથ પરના ડસ્ટબીન ખાલી કરવામાં નિષ્ક્રિયતા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં દરેક રોડ ઉપર ફૂટપાથની બાજુમાં ડસ્ટબીન મુકવાનો નિર્ણય લેવાયો હતો અને તે મુજબ મુકવામાં પણ આવ્યા છે. જે આવકારદાયક છે. પરંતુ આ ડસ્ટબીન સમયાંતરે ખાલી કરવામાં આવતા નથી જેથી ગાયો તેમાંથી કચરો બહાર કાઢી ખોરાક શોધવા પ્રયત્ન કરે છે અને તેને કારણે ફૂટપાથ પર ડસ્ટબીનની આસપાસ કચરો ફેલાય છે જેનાથી ગંદકીમાં વધારો થાય છે.

શહેર સ્વચ્છ રહે તે આશયથી ડસ્ટબીન મુકવામાં આવ્યા છે પરંતુ જો વખતો વખત ડસ્ટબીન ખાલી કરવામાં ન આવે તો ડસ્ટબીન ઉભરાતા રહે છે અને ગાયો તેમાંથી ખોરાક શોધવા પ્રયત્ન કરતા કચરો બહાર ઢળતા ઉલ્ટાનું સ્વચ્છતાની જગ્યાએ ગંદકી ફેલાય છે. તો સમગ્ર ગાંધીનગરમાં જયાં જયાં આવા ફૂટપાથ પર ડસ્ટબીન મુકવામાં આવ્યા છે તેને તાત્કાલીક ખાલી કરવા વિનંતી કરવામાં આવે છે ઉપરાંત નિયત સમયે આવા ડસ્ટબીન અચૂક ખાલી કરવામાં આવે અને તેનું સમયપત્રક તૈયાર કરી તેનું અમલીકરણ કરવામાં આવે તેવી સેકટર-૫ના એમ.યુ. કાગદીએ રજૂઆત કરી છે. અગાઉ પણ આ બાબતે રજૂઆત કરવામાં આવી હતી પરંતુ તેના ઉપર કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી જે ગંભીર બાબત છે.

## જીઆઈપીએસના ભૂલકાંઓએ ફલાવર્સ ડે ઉજવ્યો



ગાંધીનગર, તા.૯

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં પ્રી-પ્રાયમરી વિભાગના બાળકો દ્વારા તાજેતરમાં 'ફલાવર્સ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ ફલાવરના પોશાકમાં સજજ થઈ, ફલાવર લઈને આવ્યા હતા તેમજ શિક્ષક ગણ દ્વારા ફલાવર્સના મહત્વને વધુ દૃઢ કરતાં વિદ્યાર્થીઓ પાસે, ફલાવર્સ બનાવડાવી તેની ઉપયોગિતા, નામ, કલર અને આકાર વિશે માહિતગાર કર્યા હતા. નાના વિદ્યાર્થી ભૂલકાંઓએ આ પ્રાયોગિક કાર્યને ખૂબ જ ઉત્સાહ અને આનંદથી માણ્યો હતો.

### ચિરવિદાય

- સ્વ. રમેશકુમાર જોઈતારામ રામી, ઉ.વ. ૫૫
- સ્વ. ભાથીજી વિઠ્ઠાજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. અમરસિંહ માધુસિંહ રાણા, ઉ.વ. ૮૦
- સ્વ. તખાજી છનાજી ઠાકોર, ઉ.વ. ૬૦